॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

# સત્સંગદીક્ષા

## મુખપાઠ શ્રેણી : 03

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

**(ગુજરાતી શ્લોકનું ભાષાંતર)**

| | |
|---|---|
| **શ્લોક - ૩૧** | સત્સંગીઓએ ચોરી ક્યારેય ન કરવી. ધર્મને અર્થે પણ ચોરી ક્યારેય ન કરવી. |
| **શ્લોક - ૩૨** | પુષ્પ, ફળો જેવી વસ્તુ પણ તેના ધણીની પરવાનગી વગર ન લેવી. પરવાનગી વગર લેવું તે સૂક્ષ્મ ચોરી કહેવાય છે. |
| **શ્લોક - ૩૩-૩૪** | ક્યારેય મનુષ્ય, પશુ, પક્ષી, તથા માંકડ આદિક કોઈ પણ જીવજંતુઓની હિંસા ન કરવી. અહિંસા પરમ ધર્મ છે, હિંસા અધર્મ છે એમ શ્રુતિ-સ્મૃત્યાદિ શાસ્ત્રોમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે. |
| **શ્લોક - ૩૫** | સત્સંગીઓએ યજ્ઞને અર્થે પણ બકરાં વગેરે નિર્દોષ પ્રાણીઓની હિંસા ક્યારેય ન જ કરવી. |
| **શ્લોક - ૩૬** | યાગાદિ કરવાના થાય ત્યારે સંપ્રદાયના સિદ્ધાંતને અનુસરીને હિંસા રહિત જ કરવા. |
| **શ્લોક - ૩૭** | યજ્ઞનો શેષ ગણીને કે પછી દેવતાના નૈવેદ્ય રૂપે પણ સત્સંગીઓએ ક્યારેય માંસ ન જ ખાવું. |
| **શ્લોક - ૩૮** | કોઈનું તાડન ક્યારેય ન કરવું. અપશબ્દો કહેવા, અપમાન કરવું ઈત્યાદિ કોઈપણ પ્રકારે સૂક્ષ્મ હિંસા પણ ન કરવી. |
| **શ્લોક - ૩૯** | ધન, સત્તા, કીર્તિ, સ્ત્રી, પુરુષ ઈત્યાદિની પ્રાપ્તિને અર્થે તથા માન, ઈર્ષ્યા કે ક્રોધે કરીને પણ હિંસા ન કરવી. |
| **શ્લોક - ૪૦** | મને કરીને, વચને કરીને કે કર્મે કરીને હિંસા કરવાથી તેનામાં રહેલા સ્વામિનારાયણ ભગવાન દુ:ખાય છે. |
| **શ્લોક - ૪૧** | આત્મહત્યા કરવી તે પણ હિંસા જ છે. આથી પડતું મૂકવું, ગળે ટૂંપો ખાવો, ઝેર ખાવું ઈત્યાદિ કોઈ રીતે આત્મહત્યા ક્યારેય ન કરવી. |
| **શ્લોક - ૪૨** | દુ:ખ, લજ્જા, ભય, ક્રોધ તથા રોગ ઈત્યાદિ આપત્તિને કારણે, કે પછી ધર્મ ને અર્થે પણ કોઈએ પોતાની કે અન્યની હત્યા ન કરવી. |
| **શ્લોક - ૪૩** | મુમુક્ષુએ તીર્થને વિષે પણ આત્મહત્યા ન જ કરવી. મોક્ષ કે પુણ્ય પામવાની ભાવનાથી પણ તીર્થને વિષે આપઘાત ન જ કરવો. |
| **શ્લોક - ૪૪** | ભગવાન સર્વકર્તા છે, દયાળુ છે, સર્વનું રક્ષણ કરનારા છે અને એ જ સદા મારાં સર્વે સંકટોના ટાળનારા છે. |
| **શ્લોક - ૪૫** | ભગવાન જે કરે તે સદાય સારા માટે હોય. તેમની ઈચ્છા એ જ મારું પ્રારબ્ધ છે. તેઓ જ મારા તારક છે. |

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

# સત્સંગદીક્ષા

## મુખપાઠ શ્રેણી : ૦૩

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

**સંસ્કૃત શ્લોકો (ગુજરાતીમાં)**

**શ્લોક - ૩૧**

ચૌર્યં ન કર્હિચિત્ કાર્યં સત્સંગમાશ્રિતૈર્જનૈઃ ।
ધર્માર્થમપિ નો કાર્યં ચોરકાર્યં તુ કર્હિચિત્ ॥ ૩૧ ॥

**શ્લોક - ૩૨**

નૈવાન્યસ્વામિકં ગ્રાહ્યં તદનુજ્ઞાં વિના સ્વયમ્ ।
પુષ્પફલાદ્યપિ વસ્તુ સૂક્ષ્મચૌર્યં તદુચ્યતે ॥ ૩૨ ॥

**શ્લોક - ૩૩-૩૪**

મનુષ્યાણાં પશૂનાં વા મત્કુણાદેશ્ચ પક્ષિણામ્ ।
કેષાંચિજ્જીવજંતૂનાં હિંસા કાર્યા ન કર્હિચિત્ ॥ ૩૩ ॥

અહિંસા પરમો ધર્મો હિંસા ત્વધર્મરૂપિણી ।
શ્રુતિસ્મૃત્યાદિશાસ્ત્રેષુ સ્ફુટમેવં પ્રકીર્તિતમ્ ॥ ૩૪ ॥

**શ્લોક - ૩૫**

યાગાર્થમપ્યજાદીનાં નિર્દોષાણાં હિ પ્રાણિનામ્ ।
હિંસનં નૈવ કર્તવ્યં સત્સંગિભિઃ કદાચન ॥ ૩૫ ॥

**શ્લોક - ૩૬**

યાગાદિકે ચ કર્તવ્યે સિદ્ધાંતં સાંપ્રદાયિકમ્ ।
અનુસૃત્ય હિ કર્તવ્યં હિંસારહિતમેવ તત્ ॥ ૩૬ ॥

**શ્લોક - ૩૭**

મત્વાપિ યજ્ઞશેષં ચ વાપિ દેવનિવેદિતમ્ ।
માંસં કદાપિ ભક્ષ્યં ન સત્સંગમાશ્રિતૈર્જનૈઃ ॥ ૩૭ ॥

**શ્લોક - ૩૮**

કસ્યાપિ તાડનં નૈવ કરણીયં કદાચન ।
અપશબ્દાપમાનાદિ-સૂક્ષ્મહિંસાપિ નૈવ ચ ॥ ૩૮ ॥

**શ્લોક - ૩૯**

સત્તા-કીર્તિ-ધન-દ્રવ્ય-સ્ત્રી-પુરુષાદિકાપ્તયે ।
માનેર્ષ્યાક્રોધતશ્ચાપિ હિંસાં નૈવ સમાચરેત્ ॥ ૩૯ ॥

**શ્લોક - ૪૦**

મનસા વચસા વાપિ કર્મણા હિંસને કૃતે ।
તત્સ્થિતો દુઃખ્યતે નૂનં સ્વામિનારાયણો હરિઃ ॥ ૪૦ ॥

**શ્લોક - ૪૧**

આત્મઘાતોપિ હિંસૈવ ન કાર્યોતઃ કદાચન ।
પતનગલબંધાદ્યૈર્વિષભક્ષાદિભિસ્તથા ॥ ૪૧ ॥

**શ્લોક - ૪૨**

દુઃખલજ્જાભયક્રોધ-રોગાદ્યાપત્તિકારણાત્ ।
ધર્માર્થમપિ કશ્ચિદ્ધિ હન્યાન્ન સ્વં ન વા પરમ્ ॥ ૪૨ ॥

**શ્લોક - ૪૩**

તીર્થેપિ નૈવ કર્તવ્ય આત્મઘાતો મુમુક્ષુભિઃ ।
નૈવાપિ મોક્ષપુણ્યાપ્તિભાવાદ્ કાર્યઃ સ તત્ર ચ ॥ ૪૩ ॥

**શ્લોક - ૪૪**

ભગવાન્ સર્વકર્તાસ્તિ દયાલુઃ સર્વરક્ષકઃ ।
સ એવ નાશકઃ સર્વ-સંકટાનાં સદા મમ ॥ ૪૪ ॥

**શ્લોક - ૪૫**

ભગવાન્ કુરુતે યદ્ધિ હિતાર્થમેવ તત્સદા ।
પ્રારબ્ધં મે તદિચ્છૈવ સ એવ તારકો મમ ॥ ૪૫